# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-01-2025** **Midday : 2.30 to 2.35**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

.....................................

# DAP Fertilizer price

કેન્દ્રીય મંત્રીમંડળે લીધેલા ખેડૂતલક્ષી નિર્ણયોને રાજ્યનાં ખેડૂતોએ આવકાર્યાં છે.

કેન્દ્ર સરકારે નવા વર્ષના પ્રથમ દિવસે ખેડૂતોને ડાય એમોનિયમ ફોસ્ફેટ-ડીએપી ખાતરની ૫૦ કિલોની થેલીનો ભાવ એક હજાર 350 રૂપિયા પર યથાવત રાખવાનો નિર્ણય લીધો છે.

ગઈકાલે મળેલી મંત્રીમંડળની બેઠકમાં સરકારે ડીએપી પર ૩૮૫૦ કરોડ રૂપિયા વધારાની સબસિડી આપવાનો પણ નિર્ણય લીધો છે. આ અંગે બોટાદ જિલ્લાના એક ખેડૂતે પોતાનો અભિપ્રાય આપ્યો હતો.

(BYTE -- Botad Farmer)

આ નિર્ણય અંગે ખેડા જિલ્લાના એક ખેડૂતે પોતાનાં પ્રતિભાવમાં આ મુજબ જણાવ્યુ.

(BYTE -- Kheda Farmer)

. . . . . . . . . . . . .

# CM ACMA ટેક એક્સ્પો

અમદાવાદમાં સાયન્સ સિટી ખાતે આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદ કોમ્પ્યુટર મર્ચન્ટ્સ એસોસિએશન- ACMA ટેક એક્સ્પોનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

મુખ્યમંત્રીએ સમગ્ર દેશમાંથી આવેલા 104થી વધુ ટેકનોલોજી પ્રદર્શકોના સ્ટોલની મુલાકાત લીધી હતી. ઉલ્લેખનીય છે કે, ACMA ટેક એક્સ્પો 2થી 4 જાન્યુઆરી, 2025 દરમિયાન અમદાવાદ સાયન્સ સિટીમાં વિજ્ઞાન ભવન ખાતે યોજાશે.

ACMA ટેક એક્સ્પોનો મુખ્ય હેતુ દેશભરનાં ટેકનોલોજી પ્રદર્શકોને એકસાથે લાવવાનો તેમજ ટેકનોલોજી ક્ષેત્રમાં નવીનતા અને સહયોગને પ્રોત્સાહન આપવાનો છે.

. . . . . . . . . . . . .

# Mahanagar palika collector

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગઈકાલે મળેલી રાજ્યમંત્રી મંડળની બેઠકે નવી નવ મહાનગરપાલિકાઓ કાર્યરત કરવાની મંજૂરી આપવામાં આવી હતી. નવી મહાનગરપાલિકાઓ તાત્કાલિક અસરથી અમલમાં આવતા આ નગરપાલિકાઓની વર્તમાન પાંખની અવેજીમાં હવે સંબંધિત જિલ્લા કલેકટરો મહાનગરપાલિકાઓના વહીવટદાર તરીકે ફરજો બજાવશે.

આ અંતર્ગત મહેસાણા, નવસારી, નડિયાદ, વાપી, આણંદ, સુરેન્દ્રનગર, પોરબંદર, મોરબી, ગાંધીધામના જિલ્લા કલેકટરો આ મહાનગરપાલિકાના વહીવટીદાર તરીકે પણ કાર્યભાર સંભાળશે.

. . . . . . . . . . . . .

# Mahesana- mahanagarpalika

રાજ્ય સરકારે 9 નગરપાલિકાને મહાનગરપાલિકા જાહેર કરી છે, જેમાં મહેસાણાનો પણ સમાવેશ કરાયો છે.

અમારા મહેસાણા જિલ્લાના પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે કે મહેસાણાના 14 ગામ તેમાં સામેલ કરાયા છે. 1919 માં મહેસાણા નગરપાલિકાનો વિસ્તાર 31. 1 ચોરસ કિલોમીટર હતો, જે વધીને હવે 79. 94 ચોરસ કિલોમીટર થયો છે. પ્રથમ મ્યુનિસિપલ કમિશ્નર તરીકે રવિન્દ્ર ખટાલણેની નિયુક્તી થઈ છે. અગાઉ નગરપાલિકામાં 3.25 લાખની વસ્તી હતી. જે મહાનગરપાલિકા બન્યાં બાદ વધીને 4 લાખ થઈ છે.

. . . . . . . . . . . . .

# BJP Sangthan Parv Meeting

સંગઠન પર્વ અંતર્ગત આજે ગાંધીનગરમાં કમલમ કાર્યાલય ખાતે ભારતીય જનતા પાર્ટીની મહત્વની બેઠક ચાલી રહી છે. સંગઠન મહામંત્રી રત્નાકર અને મુખ્ય ચુંટણી અધિકારી ઉદય કાનગડની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં શહેર પ્રમુખ અને જિલ્લા પ્રમુખોની ચુંટણી અંગે વય મર્યાદા સહિતના ધારાધોરણો અંગે માર્ગદર્શન આપવામાં આવશે., બેઠકમાં સહ-ચુંટણી અધિકારીઓ, ધારાસભ્યો, જિલ્લાઓના ચુંટણી અધિકારીઓ, જિલ્લા પ્રમુખો પણ ઉપસ્થિત છે. ઉલ્લેખનીય છે કે, આજથી  ભારતીય જનતા પાર્ટીના મહાનગરોના શહેર પ્રમુખ અને જિલ્લા પ્રમુખોની ચુંટણી પ્રક્રિયા શરૂ થઈ રહી છે.

. . . . . . . . . . . . .

# Khel Maha kumbh

ખેલ મહાકુંભ 3.0ની તૈયારીના ભાગરૂપે આજે ગાંધીનગર જિલ્લાના રાંધેજા ખાતે આયોજિત કાર્યક્રમમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી હાજર રહ્યા હતા. ખેલમહાકુંભનાં ભાગ રૂપે ગાંધીનગર ઇન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ ખાતે તાલુકા લેવલની વોલીબોલ, દોરડા ખેંચ,કબડ્ડી, ખોખો,એથ્લેટીક્સ જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી. સ્પર્ધામાં વિજેતા બનનાર ખેલાડી તાલુકા  સ્તરે રમશે. કુલ 340 ખેલાડીઓ આ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો.

. . . . . . . . . . . . .

# Arvalli- cyber crime program

અરવલ્લી જિલ્લામાં સાયબર ક્રાઈમ વિષે માહિતી આપતો જાગૃતિ કાર્યક્રમ યોજાયો.

અમારા અરવલ્લી જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે લોકોમાં જાગૃતિના અભાવે આ પ્રકારની ઘટનાઓ ઘટવા પામતી હોય છે. લોકો ઠગાઈનો ભોગ ન બને તે માટે અરવલ્લી જિલ્લા પોલિસ દ્વારા જાગૃતિ કાર્યક્રમ મોડાસા મહાલક્ષ્મી ટાઉનહોલ ખાતે યોજવામાં આવ્યો હતો.

અરવલ્લી જિલ્લા પોલીસ અને લાયન્સ ક્લબના સંયુક્ત ઉપક્રમે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સાયબર ક્રાઈમ ઘટનામાં વધારો નોંધાયો છે. જિલ્લામાં વર્ષ 2023માં સાયબર ક્રાઈમની કુલ 730 ફરિયાદો મળી હતી, જેની સામે વર્ષ 2024 માં વધીને 1043 પર પહોંચી છે.

. . . . . . . . . . . . .

# Diu -Dhaja aarohan

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના નાગવા રાધે ક્રિષ્ના મંદિર પર ધજા આરોહણ કાર્યક્રમ યોજાયો.

અમારા દિવના પ્રતિનિધિના જણાવ્યા મુજબ, નાગવા સમાજ દ્વારા દર વર્ષે ધજા આરોહણની સાથે- સાથે ભજન કીર્તન તથા મહા પ્રસાદનુ પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રદ્ધાળુઓની ભારે ભીડ જામી હતી.

. . . . . . . . . . . . .